| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | | | |
| નોંધ્યા તારીખ | : | | | |
| ફેંસલ તારીખ | : | | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

**આંકઃ**

## આણંદના સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની અદાલતમાં, મુ.આણંદ.

**સેશન્સ કેસ નં.૫૧/૨૦૧૮**

**ફરિયાદીઃ** સરકારશ્રી

**વિ રુ દ્ઘ**

**આરોપીઓઃ**

૧. મોહંમદભાઈ આદમભાઈ અજમેરી
૨. મોહસીનભાઈ મોહંમદભાઈ અજમેરી–**અલગ ચાર્જશીટનો હુકમ.**
નં.૧–૨ બંને રહે.ભોભાફળી, બોરડીવાળું ફળિયું, બોરસદ, તા.બોરસદ, જિ. આણંદ.
૩. સીકંદરભાઈ રસુલભાઈ અજમેરી
૪. ઈમરાન મહંમદહુસેન અજમેરી
નં.૩–૪ બંને રહે.મકાન નં.૭૯, બાગે મહંમદ સોસાયટી, જીન્નત રેસીડેન્સી, સરખેજ ટાવર રોડ, કેનાલની પાછળ, અમદાવાદ, તા.જિ.અમદાવાદ.
૫. મહેરાજબીબી તે મહંમદભાઈ આદમભાઈ અજમેરીના પત્ની
રહે.ભોભાફળી,બોરડીવાળું ફળિયું,જુની દૂધની ડેરી પાસે, બોરસદ, તા.બોરસદ, જિ. આણંદ.
૬. રેશ્માબેન ઉર્ફે ખુશ્બુ તે સિકંદરભાઈ રસુલભાઈ અજમેરીના પત્ની
રહે. મકાન નં.૭૯, બાગે મહંમદ સોસાયટી, જીન્નત રેસીડેન્સી,સરખેજ ટાવર રોડ,કેનાલની પાછળ, અમદાવાદ, તા.જિ.અમદાવાદ.

૭. રોશનબેન તે યુસુફભાઈ હાસમભાઈ અજમેરીના પત્ની
રહે.ફૈઝાન સોસાયટી –૨, ભોજા તલાવડી પાસે,
પરિવાર સોસાયટી પાછળ, નડીયાદ,તા.નડીયાદ.

**તહોમતઃ** ઈ.પી.કોડની કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૪૨૭, ૫૦૪, ૫૦૬ (૨) મુજબ.

**ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી વાય.એચ. ઠાકર.**
**આરોપીઓ તરફે વિ. વકીલ શ્રી ઝેડ.એ. મલેક.**

## ॥ ચુ કા દો ॥

(૧) આ કામના આરોપીઓ વિરુદ્ધ ઈ.પી. કોડની કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૪૨૭, ૫૦૪, ૫૦૬ (૨) મુજબના ગુનાનું તહોમત છે.

(૨) બનાવની ફરિયાદ મુસ્તકીમબેગ યુસુફબેગ મિરઝાએ તા.૨૦–૧–૨૦૧૭ ના રોજ બોરસદ ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર રૂબરૂ નોંધાવી છે જે આ કામે આંકઃ ૪૪ થી રજૂ છે જેની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૦–૧–૨૦૧૭ ના રોજ બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં ફરિયાદી તેમના ઘરે હાજર હતા ત્યારે તેમના ઘરની પાછળ રહેતા મહેરાજબીબી તેમજ રેશ્માબાનું તથા રોશનબાનું ફરિયાદીના ઘર આગળ આવી જણાવેલ કે તમે લોકો ઘર ઉપર ભીના કપડા નિતારી પાણી કેમ નીચે ઢોળો છો, તેમ કહી ગમે તેમ નઠારી ગાળો બોલવા લાગેલા ત્યારે ફરિયાદીએ મહેરાજબીબી તથા રેશ્માબાનું તથા રોશનબાનુને ગાળો બોલવાની ના પાડતાં તેઓનું ઉપરાણું લઈ મોસીનભાઈ મહંમદભાઈ અજમેરી તથા મહંમદભાઈ આદમભાઈ અજમેરી તેમજ ઈમરાન મહંમદહુસેન અજમેરી તથા સીકંદર રસુલ અજમેરી એકસંપ કરી

દોડી લાકડીઓ લઈ આવેલા અને ઉશ્કેરાઈ જઈ મોસીનભાઈ લાકડી તથા પથ્થર લઈ આવી રફીકબેગને કપાળમાં ધારવાળો પથ્થર મારી દેતા લોહી નિકળેલ તેમજ ઈમરાન તથા સિકંદરે પણ ફરિયાદીના કાકાને લાકડીઓની ઝાપોટો મારેલ અને મોહસીને ફરિયાદીને પણ લાકડીની ઝાપોટો બરડાના ભાગે મારેલી. તે વખતે મહંમદભાઈએ લાકડી લઈ આવી ફરિયાદીના ભાઈ મુરસલીનબેગને બંને હાથોમાં લાકડીની ઝાપોટ મારી દીધેલી. આ બોલાચાલી દરમ્યાન મહેરાજબીબી તેમજ રેશ્માબાનું તથા રોશનબાનુએ તથા ફરિયાદીના મમ્મી શાયરાબાનુને નઠારી ગાળો બોલી ગડદાપાટુનો માર મારેલ અને ફરિયાદીના ભાભી શાલેહાબાનુ વચ્ચે પડતાં તેઓને પણ બરડાના ભાગે તેમજ માથાના ભાગે માર મારેલ અને ડાબા હાથ તેમજ મોંઢા ઉપર ઈજા કરેલી જેથી શાયરાબાનું તથા શાલેહાબાનુને ઈજાઓ થતાં બોરસદ શ્રધ્ધા હૉસ્પિટલમાં દાખલ કરેલા તેમજ બનાવ દરમ્યાન મોસીનભાઈ તથા મોહંમદભાઈએ ફરિયાદીના ઘર આગળ પાર્ક કરેલ તેઓની બાઈક સીબીઝેડ નં.જીજે–૨૩–એજી–૭૫૧૦ તથા હૉન્ડા ઈટર્નો નં.જીજે–૨૩–એલ–૮૦૮૩ ને નીચે પાડી દઈ નુકશાન કરેલ અને તે વખતે બૂમાબૂમ થતાં આજુબાજુના માણસો આવી ગયેલા અને તેઓને વધુ મારમાંથી છોડાવેલ અને સાતેય જણા જતાં જતાં આજે તો તમો બચી ગયા છો પણ ફરીથી સામે આવ્યા તો જાનથી મારી નાંખીશું તેવી સાપરાધ ધાક–ધમકીઓ આપતા તેઓના ઘર તરફ જતા રહેલા જેથી આ તમામ આરોપીઓ વિરૂધ્ધ કાયદેસર થવા ફરિયાદ છે તેવી હકીકત જાહેર કરતા પોલીસ ઈન્સ્પેકટરે તે ફરિયાદ નોંધી લીધેલી અને તે અનુસંધાને બોરસદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજીસ્ટ્રેશન નં.૧૦/૨૦૧૭ અન્વયેનો ગુનો નોંધાયેલો.

(૩) તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ સંભાળી લાગતા વળગતા શાહેદોના નિવેદનો નોંધી, પંચનામા વિગેરે તપાસની જરૂરી કાર્યવાહી કરી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં આરોપીઓ વિરૂધ્ધ બોરસદના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની અદાલતમાં ઈ.પી.કોડની કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬ (૨) મુજબનું ચાર્જશીટ રજૂ કરેલું અને તેનો ક્રિમિનલ કેસ નં.૧૧૭૧/૨૦૧૭ પડેલો. આક્ષેપિત ગુનો સેશન્સ ટ્રાયેબલ હોવાથી બોરસદના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ તા.૪–૧૦–૨૦૧૭ ના રોજ હુકમ કરીને તે કેસ અત્રેની સેશન્સ અદાલત તરફ કમિટ કરેલો અને તેનો સેશન્સ કેસ નંબર પડ્યા બાદ ગુણદોષ ઉપર નિકાલ કરવા માટે આ અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૪) આરોપીઓ જામીન ઉપર હોઈ તેમના વકીલ મારફતે હાજર રહેલા છે અને તેઓની હાજરીમાં ઈન્સાફી કાર્યવાહી હાથ ધરાયેલી છે.

(૫) આરોપીઓને તેમની વિરૂધ્ધના પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરી તેઓ વિરૂધ્ધ આંકઃ ૬ થી ઈ.પી.કોડની કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૪૨૭, ૫૦૪, ૫૦૬ (૨) અન્વયેનું તહોમતનામું ફરમાવી, સદર તહોમતનામું આરોપીઓને વાંચી, સંભળાવી, સમજાવવામાં આવેલ છે અને આંકઃ ૭ થી ૧૩ અન્વયે આરોપીઓના નિવેદનો નોંધતાં તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરીને કેસ ગુણદોષ આધારે આગળ ચલાવવા માટે રજૂઆત કરેલ છે.

(૬) આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલુ હતી તે દરમ્યાન આરોપી નં.૨ મોહસીનભાઈ મોહંમદભાઈ અજમેરી ટ્રાયલ દરમ્યાન હાજર રહેતા ન હોઈ અને

આરોપી નં.૨ ના જામીનદારે તા.૨૪–૪–૨૦૧૯ ના રોજ આંકઃ ૪૨ વાળી અરજી આપી જામીનગીરીની રકમ રૂ.૧૪,૦૦૦/– સ્વીકારી આરોપી નં.૨ ના જામીન તરીકેથી છૂટા કરવા અરજ કરેલી જે અરજી મંજૂર કરવામાં આવેલી અને આરોપી નં.૨ પુરતો કેસ અલગ પાડી તેઓ વિરૂધ્ધનું ચાર્જશીટ અલગ કરવાનો અને આરોપી નં.૨ ને વોરંટ કાઢવાનો તા.૨૪–૪–૨૦૧૯ ના રોજ ચાર્જશીટ આંકઃ ૧ નીચે હુકમ કરવામાં આવેલ છે.

(૭) આ કામે ફરિયાદપક્ષ દ્ધારા પોતાના કેસના સમર્થનમાં નિચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

## –:: મૌખિક પુરાવો ::–

| શાહેદ નંબર | શાહેદનું નામ | | આંક |
|---|---|---|---|
| ૧ | ડૉ. ઠાકરશીભાઈ કરસનભાઈ વાઘેલા | તબીબ શાહેદ | ૧૭ |
| ૨ | ડૉ. સોહનલાલ દેવીલાલ ઢકરોલીયા | તબીબ શાહેદ | ૨૦ |
| ૩ | મહંમદવારીસ ઝહીરોદ્દીન મલેક | પંચ શાહેદ | ૨૬ |
| ૪ | સાજીદબેગ ઉર્ફે ડેની રહીમબેગ મિરઝા | પંચ શાહેદ | ૨૮ |
| ૫ | સાજીદભાઈ નુરમહંમદભાઈ વહોરા | પંચ શાહેદ | ૨૯ |
| ૬ | મહંમદશોએબ ઉર્ફે નાનજી નુરમહંમદભાઈ વહોરા | પંચ શાહેદ | ૩૧ |
| ૭ | મુસ્તકીમબેગ યુસુફબેગ મિરઝા | ફરિયાદી | 43 |
| ૮ | યુસુફબેગ ઉર્ફે સોપારીવાલા મહંમદબેગ મિરઝા | શાહેદ | ૪૫ |
| ૯ | મુરસલીનબેગ યુસુફબેગ મિરઝા | શાહેદ | ૪૬ |
| ૧૦ | રફીકબેગ મહંમદબેગ મિરઝા | શાહેદ | ૪૭ |
| ૧૧ | હાફીસોદ્દીન ઈલમોદ્દીન મલેક | શાહેદ | ૪૮ |
| ૧૨ | શાયરાબાનુ યુસુફબેગ મિરઝા | શાહેદ | ૪૯ |
| ૧૩ | સાહેલાબાનુ મુરસલીનબેગ મિરઝા | શાહેદ | ૫૦ |
| ૧૪ | રાકેશકુમાર પ્રભુદાસભાઈ ઘરસંડીયા | તપાસ કરનાર અમલદાર | ૫૨ |

## -:: દસ્તાવેજી પુરાવો ::-

| અ.નં. | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| (૧) | સાહેલા મિરઝાનું શ્રધ્ધા હૉસ્પિટલનું એમ.એલ.સી. સર્ટીફીકેટ | ૧૮ |
| (૨) | સાયરાબાનુનું શ્રધ્ધા હૉસ્પિટલનું એમ.એલ.સી. સર્ટીફીકેટ | ૧૯ |
| (૩) | રફીકબેગનું પી.એચ.સી. કઠાણાનું મેડિકલ સર્ટીફીકેટ | ૨૧ |
| (૪) | મસરૂદ્દીનનું પી.એચ.સી. કઠાણાનું મેડિકલ સર્ટીફીકેટ | ૨૨ |
| (૫) | હાફીસોદ્દીનનું પી.એચ.સી. કઠાણાનું મેડિકલ સર્ટીફીકેટ | ૨૩ |
| (૬) | સાલેહાબાનુનું પી.એચ.સી. કઠાણાનું મેડિકલ સર્ટીફીકેટ | ૨૪ |
| (૭) | સાયરાબાનુનું પી.એચ.સી. કઠાણાનું મેડિકલ સર્ટીફીકેટ | ૨૫ |
| (૮) | મેડિકલ ઑફિસર, પી.એચ.સી. કઠાણાને કરેલ યાદી | ૨૬ |
| (૯) | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૭ |
| (૧૦) | આરોપી નં.૧,૩,૪ તથા અન્ય આરોપી મોહસીનભાઈ અજમેરીની શરીરસ્થિતિ તથા હથિયાર કબજે કર્યાનું પંચનામું | ૩૦ |
| (૧૧) | ફરિયાદ | ૪૪ |
| (૧૨) | પી.એસ.ઓ.નં ગુનો રજીસ્ટર કરવા કરેલ યાદી | ૫૩ |
| (૧૩) | તપાસના કાગળો સંભાળી લેવા કરેલ યાદી | ૫૪ |

(૮) ઉપરોક્ત સાક્ષીઓનો પુરાવો રજૂ થયા બાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી તરફથી આંકઃ ૫૫ થી પુરાવા બંધની પુરસીસ રજૂ થયેલ છે

(૯) ત્યારબાદ આરોપીઓનો ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ- ૩૧૩ મુજબ વિશેષ જવાબ નોંધવામાં આવેલો જેમાં આરોપીઓએ ફરિયાદપક્ષના તેમની વિરૂધ્ધના તમામ પુરાવાને નકારેલ છે અને તેઓએ સોગંદ ઉપર પુરાવો આપવો નથી કે બચાવના શાહેદ તપાસવા નથી તેમ જણાવેલું છે અને વિશેષમાં તેમની ઉપર ખોટો કેસ કરેલાનું અને નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૧૦) આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી.વાય.એચ. ઠાકરને તથા આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી ઝેડ.એ. મલેકને સાંભળ્યા.

(૧૧) ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં સદરહુ કેસના નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ એકસંપ થઈ તા.૨૦–૧–૨૦૧૭ ના રોજ કલાક ૧૫–૦૦ વાગ્યે મોજે બોરસદ, ભોભાફળી નજીક આરોપીઓ પૈકી આરોપી નં.૫,૬,૭ એ ફરિયાદી મુસ્તકીમબેગના ઘર આગળ જઈ ઘર ઉપર ભીના કપડા નીતારીને નીચે પાણી કેમ ઢોળો છો ? એવું ફરિયાદીને કહી ગાળો બોલતા, ગાળો બોલવાની ના પાડતાં ઉપરાણું લઈ અન્ય આરોપીઓ લાકડીઓ તથા પથ્થર લઈ આવેલા અને તમામ આરોપીઓએ પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા સારું ગેરકાનૂની મંડળી રચી, મંડળી ગેરકાનૂની છે તેવું જાણવા છતાં તેમાં જોડાઈ ચાલું રહી મારક હથિયારોથી સજ્જ થઈ, ફરિયાદી તથા શાહેદોને ઈજાઓ કરી હિંસા અને બળનો ઉપયોગ કરી હુલ્લડ કરી ઈ.પી.કો. કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮ સાથે વાંચતા કલમ– ૧૪૯ મુજબનો સજાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત તારીખ, સમય અને સ્થળે આરોપીઓએ ગેરકાનૂની મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા સારુ ફરિયાદી તથા શાહેદો ઉપર હુમલો કરી આરોપી નં.૫–૬– ૭ એ શાહેદ સાયરાબાનું ઉર્ફે બાનુબીબી તથા સાહેલાબાનુ મુરસલીનબેગને ગડદાપાટુનો માર મારી, આરોપી નં.૩– ૪ એ શાહેદ રફીકબેગને લાકડીઓની ઝાપોટો મારી તથા આરોપી નં.૨ એ ફરિયાદીને બરડાના ભાગે લાકડીની ઝાપોટ મારી તેમજ આરોપી નં.૧ એ મુરસલીનબેગ મીરઝાને બંને હાથોમાં લાકડીની ઝાપોટ મારી તેમજ આરોપી નં.૨ એ ધારદાર પથ્થર શાહેદ રફીકબેગને કપાળના ભાગે મારી શાહેદની શારીરિક સલામતી ભયમાં મુકાય તેવું બેફામપણે કૃત્ય કરી તેમજ આરોપી નં.૫,૬,૭ એ શાહેદ શાયરાબાનુ તથા શાલેહાબાનુંને ગડદાપાટુનો માર મારી શાહેદોને ઈજાઓ કરી સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડી ઈ.પી. કોડની કલમ– ૩૨૪, ૩૨૩, ૩૩૭ સાથે વાંચતા કલમ– ૧૪૯ મુજબનો સજાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૩) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત તારીખ, સમય અને સ્થળે આરોપીઓએ ગેરકાનૂની મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા સારુ ફરિયાદીના ઘર આગળ પાર્ક કરેલ બાઈક સીબીઝેડ નં.જીજે–૨૩–એજી–૭૫૧૦ તથા હોન્ડા ઈટર્નો નં.જીજે–૨૩–એલ–૮૦૮૩ ને નીચે પાડી દઈ નુકસાન કરી તેમજ ફરિયાદી તથા શાહેદોને ગાળો બોલી અપમાનિત કરી તથા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ઈ.પી.કોડની કલમ– ૪૨૭, ૫૦૪,

૫૦૬ (૨) સાથે વાંચતા કલમ– ૧૪૯ મુજબનો સજાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૪) શું હુકમ ?

(૧૨) આ કામે રજૂ થયેલા દસ્તાવેજી પુરાવા પુરાવા તથા શાહેદોના પુરાવાનું મૂલ્યાંકન, પક્ષકારોના વિદ્ધાન વકીલશ્રીઓએ કરેલી દલીલોના સંદર્ભે કરતાં, ઉપરોક્ત મુદ્ધાના નિર્ણયો નિચે મુજબ છે.

(૧) નકારમાં.
(૨) નકારમાં.
(૩) નકારમાં.
(૪) આખરી હુકમ મુજબ.

## **–: નિર્ણયના કારણો :–**

**મુદા નં.૧ થી ૩ :–**

આ તમામ મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોઈ કેસની હકીકત, પુરાવા અને કાયદાનીપરિસ્થિતિનું પુનરાવર્તન ન થાય તે હેતુથી આ તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

(૧૩) આ કામે ફરિયાદપક્ષ દ્ધારા આરોપીઓ વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમત પુરવાર કરવા માટે તપાસવામાં આવેલા શાહેદો પૈકી મહત્વના શાહેદો ફરિયાદી મુસ્તકીમબેગ યુસુફબેગ મિરઝાને શાહેદ નં.૭, આંકઃ ૪૩ થી તથા યુસુફબેગ ઉર્ફે સોપારીવાલા મહંમદબેગ મિરઝાને, શાહેદ નં.૮, આંકઃ ૪૫ થી તપાસેલા છે. ફરિયાદપક્ષના કેસ મુજબ આ બંને શાહેદો બનાવમાં ભોગ બનનાર છે અને બનાવના નજરે જોનાર શાહેદ છે, પરંતુ આ બંને મહત્વના શાહેદો પૈકી કોઈ પણ શાહેદ ફરિયાદપક્ષના કેસ મુજબની આરોપીઓ વિરૂધ્ધના ગુનાની કોઈ હકીકતને સમર્થન આપતા નથી અને બનાવ વખતે પાણી ઢોળવા બાબતે બોલાચાલી થયેલી અને ફળિયાના માણસો ભેગા થઈ ગયેલા જેમાં ધક્કા–મુક્કી થયેલી તેમાં તેમના ઘરના સભ્યોને ઈજા થયાનું જણાવે છે. આ

શાહેદોએ તેમની આંકઃ ૪૪ ની ફરિયાદ કે ફરિયાદપક્ષની હાલના આરોપીઓ વિરૂધ્ધના ગુનાની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપેલ નથી અને ફરિયાદપક્ષે આ બંને શાહેદોને ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદની ફરિયાદપક્ષ તરફેની ઉલટ તપાસમાં પણ આ શાહેદો પૈકી કોઈએ ફરિયાદપક્ષની હાલના આરોપીઓ વિરૂધ્ધના ગુનાની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપેલ નથી. બચાવપક્ષની ઉલટ તપાસમાં પણ આ બંને શાહેદોએ બનાવમાં તેઓને કોઈ ઈજા થયેલ નહીં હોવાનું અને બનાવ વખતે ઘણા માણસોનું ટોળું થઈ ગયેલ હોવાથી ધક્કા–મુકકીમાં પડી જવાથી તેમના ઘરના સભ્યોને ઈજા થયાનું કબુલેલ છે. એવું પણ કબુલેલ છે કે, તેઓએ કોઈના નામ ક્યારેય જાહેર કરેલ નથી. એવું પણ કબુલેલ છે કે, પોલીસે ફક્ત તેમનું નામઠામ પૂછેલ તે સિવાય બીજી કોઈ હકીકત પૂછેલ નહીં કે તેઓએ લખાવેલ પણ નહીં. એવું પણ કબુલેલ છે કે, કોઈ આરોપીઓએ કોઈ શાહેદોને ઈજા કરેલ નથી કે કોઈ વાહનને નુકસાન કરેલ નથી તેમજ કોઈ ધમકી આપેલ નથી. ફરિયાદીએ એવું પણ કબુલેલ છે કે, લખેલા કાગળમાં પોલીસે સહી કરવાનું કહેતાં ફક્ત સહી કરેલી તે કાગળ તેઓએ વાંચેલ નહીં. આમ ફરિયાદપક્ષના કેસ મુજબ આ ફરિયાદી, ભોગ બનનાર તથા બનાવના નજરે જોનાર જેવા મહત્વના શાહેદોના પુરાવાથી આંકઃ ૪૪ ની ફરિયાદ કે આરોપીઓ વિરૂધ્ધના ગુનાની હકીકતને સમર્થન મળતું નથી.

(૧૪) ફરિયાદપક્ષે શાહેદ નં.૯ મુરસલીનબેગ યુસુફબેગ મિરઝાને આંકઃ ૪૬ થી, શાહેદ નં.૧૦ રફીકબેગ મહંમદબેગ મિરઝાને આંકઃ ૪૭ થી, શાહેદ નં.૧૧ હાફીસોદ્દીન ઈલમોદ્દીન મલેકને આંકઃ ૪૮ થી, શાહેદ નં.૧૨ શાયરાબાનુ યુસુફબેગ મિરઝાને આંકઃ ૪૯ થી તથા શાહેદ નં.૧૩ સાહેલાબાનુ

મુસ્સલીનબેગ મિરઝાને આંકઃ ૫૦ થી તપાસેલા છે. ફરિયાદપક્ષના કેસ મુજબ આ તમામ શાહેદો બનાવમાં ઈજા પામનાર અને ભોગ બનનાર જેવા મહત્વના શાહેદો છે, પરંતુ આ મહત્વના શાહેદો પૈકી કોઈ પણ શાહેદ ફરિયાદપક્ષના કેસ મુજબની આરોપીઓ વિરૂધ્ધના ગુનાની કોઈ હકીકતને સમર્થન આપતા નથી અને આ શાહેદો પણ બનાવ વખતે ફળિયામાં પાણી ઢોળવા બાબતે બોલાચાલી થયેલી અને ફળિયાના માણસો ભેગા થઈ ગયેલા જેમાં ધક્કા-મુક્કી થયેલી તેમાં તેમને તથા તેમના ઘરના સભ્યોને ઈજા થયેલી અને તે અંગે તેઓએ સારવાર લીધેલી. આરોપીઓ ફળિયાના હોઈ ઓળખતા હોવાનું પણ મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે નહીં એવું જણાવેલ છે. આ મહત્વના શાહેદો તેઓને આરોપીઓ સાથે પાણી ઢોળવા બાબતે કોઈ બોલોચાલી થઈ હોય અને તેમાં ફળિયાના અમુક માણસો હથિયારો સાથે આવેલો હોય કે તેમની હાજરીમાં કોઈએ તેમને કે તેમના ઘરના સભ્યોને ઈજા કરી હોય કે આરોપીઓ પૈકી કોઈએ ફરિયાદપક્ષના કેસ મુજબનું ગુનાહિત કૃત્ય કરેલ હોય તેવી આરોપીઓ વિરૂધ્ધના ગુનાની કોઈ હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી. આ તમામ શાહેદો ફરિયાદપક્ષના કેસ મુજબની આરોપીઓ વિરૂધ્ધના ગુનાની કોઈ હકીકતને સમર્થન આપતા ન હોઈ ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદની ફરિયાદપક્ષ તરફેની ઉલટ તપાસમાં પણ આ શાહેદો પૈકી કોઈએ આરોપીઓ વિરૂધ્ધના ગુનાની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપેલ નથી. બચાવપક્ષની ઉલટ તપાસમાં પણ આ શાહેદોએ કબુલેલ છે કે, બનાવ વખતે ઘણા માણસોનું ટોળું થઈ ગયેલ હોવાથી ધક્કા-મુક્કીમાં પડી જવાથી તેમને તથા તેમના ઘરના સભ્યોને ઈજા થયેલી અને તેઓએ કોઈના નામ ક્યારેય જાહેર

કરેલ નથી. એવું પણ કબુલેલ છે કે, પોલીસે ફક્ત તેમનું નામઠામ પૂછેલું તે સિવાય બીજી કોઈ હકીકત પૂછેલ નહીં કે તેઓએ લખાવેલ પણ નહીં. એવું પણ કબુલેલ છે કે, કોઈ આરોપીઓએ તેમને કે કોઈ શાહેદોને ઈજા કરેલ નથી કે કોઈ વાહનોને નુકસાન કરેલ નથી તેમજ કોઈ ધમકી આપેલ નથી. આમ ફરિયાદપક્ષના કેસ મુજબના બનાવમાં ઈજા પામનાર અને ભોગ બનનાર જેવા આ મહત્વના શાહેદોના પુરાવાને ધ્યાને લેતાં તેઓને ઈજાઓ થયાનું જણાય છે, પરંતુ તે ઈજાઓ આ કામના આરોપીઓ પૈકી કોઈએ કરી હોય કે ફરિયાદપક્ષના કેસ મુજબના કોઈ હથિયારથી જ તેવી ઈજા થઈ હોય કે બનાવ વખતે આરોપીઓ પૈકી કોઈએ ફરિયાદપક્ષના કેસ મુજબનું કોઈ ગુનાહિત કૃત્ય કર્યું હોય તેવી હકીકતને આ મહત્વના શાહેદો પૈકી કોઈ પણ શાહેદના પુરાવાથી નિઃશંકપણે સમર્થન મળતું નથી અને આમ આ શાહેદોનો પુરાવો આરોપીઓ વિરૂધ્ધના ગુનાની હકીકતને નિઃશંકપણે પુરવાર કરવામાં ફરિયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

(૧૫) ફરિયાદપક્ષે શાહેદ નં.૧, આંકઃ ૧૭ થી શ્રધ્ધા હૉસ્પિટલ, બોરસદના ડૉ. ઠાકરશીભાઈ કરસનભાઈ વાઘેલાને તપાસેલા છે. આ શાહેદના પુરાવા મુજબ તેઓએ તા.૧૮-૧-૨૦૧૭ ના રોજ બપોરના ૩-૨૦ કલાકે ઈજા પામનાર સાલેહા એમ. મિરઝા તથા શાયરાબાનું મિરઝાને તપાસેલા અને થયેલ ઈજાઓ જણાવેલ છે તેમજ હિસ્ટ્રીની હકીકતો જણાવેલ છે તેમજ તેઓએ જે સારવાર આપેલી તે અંગેના સર્ટીફીકેટ આંકઃ ૧૮ અને ૧૯ થી રજૂ કરેલા છે. આ શાહેદે જણાવેલ હિસ્ટ્રીમાં ઈજા પામનાર સાલેહાએ હિસ્ટ્રીમાં મોહસીન મહંમદ અને મહેરાજનું નામ આપેલ છે, અન્ય કોઈ આરોપીનું નામ આપેલ નથી. શાયરાબાનુએ પણ ઈજા કરનાર કોઈ ઈસમનું નામ કે વર્ણન આપેલ નથી.

વળી આ બંને શાહેદોને જે ઈજા થયેલી તે તા.૧૮–૧–૨૦૧૭ ના રોજના બનાવમાં થયેલી એવું ફલિત થાય છે, તા.૨૦–૧–૨૦૧૭ ના બનાવમાં આ શાહેદોને કોઈ ઈજા થયેલી હોય તેવું જણાતું નથી. વળી ખૂદ ઈજા પામનાર સાલેહાએ તેમના પુરાવામાં તેઓએ તબીબ સમક્ષ કોઈ હિસ્ટ્રી આપેલ હોય તેવી હકીકત જણાવેલ નથી કે તેઓને હાલના આરોપીઓ પૈકી કોઈએ ઈજા કરી હોય તેવી હકીકતને પણ સમર્થન આપેલ નથી. તબીબ શાહેદે આ બંને દર્દીઓને થયેલ ઈજા લાકડી જેવા હથિયારથી શકે તેમ હોવાનું જણાવેલ છે, પરંતુ બચાવપક્ષમાં કબુલેલ છે કે, આંકઃ ૧૮ ના સર્ટીફીકેટમાં તેઓએ જણાવેલી ઈજા સિવાય દર્દીના આખા શરીરે બીજી કોઈ ઈજા હતી નહીં તેમજ બીજી કોઈ ઈજા અંગે દર્દીએ તેમને જણાવેલ નહીં. એવું પણ કબુલેલ છે કે, સાલેહાબાનુએ જે હિસ્ટ્રી આપેલી તેમાં કયા વ્યક્તિએ શું ભાગ ભજવેલ તે જણાવેલ નહીં તેમજ લાઠીનો ઉપયોગ કરેલાનું જણાવેલ નહીં. એવું પણ કબુલેલ છે કે, સાલેહાબાનુને થયેલ ઈજા ધારદાર પદાર્થથી થઈ શકે તેવી ન હતી અને તેણીને કોઈ લોહી વહી રહેલ હોય તેવું પણ તેમના સર્ટીફીકેટમાં જણાવેલ નથી. એવું કબુલેલ છે કે, આંકઃ ૧૯ ના સર્ટીફીકેટમાં ઈજા કરનાર કોઈનું નામ નથી. એવું પણ કબુલેલ છે કે, આંકઃ ૧૯ ના સર્ટીફીકેટમાં જણાવેલ ઈજાઓ ધક્કા–મુક્કીમાં પડી જવાથી થઈ શકે છે અને બંને દર્દીઓને વધુ સારવારની કોઈ જરૂર ન હતી જેથી બંનેને ઓ.પી.ડી. સારવાર આપી રજા આપેલી. આમ આ તબીબી પુરાવાથી પણ ઈજા પામનારને ઈજાઓ થયાનું જણાય છે, પરંતુ તે ઈજાઓ આ કામના આરોપીઓ પૈકી જ કોઈએ કરી હોય કે ફરિયાદપક્ષના કેસ મુજબના કોઈ હથિયારથી જ આવી ઈજા કરવામાં આવી હોય તેવી હકીકતને નિઃશંકપણે સમર્થન મળતું નથી.

(૧૬) ફરિયાદપક્ષે શાહેદ નં.૨ પી.એચ.સી. કઠાણાના ડૉ. સોહનલાલ દેવીલાલ ઢકરોલીયાને આંકઃ ૨૦ થી તપાસેલા છે. આ શાહેદના પુરાવા મુજબ તેઓએ તા.૨૧-૧-૨૦૧૭ ના રોજ દર્દી રફીકબેગ, મસરૂદ્દીન, હાફીસોદ્દીન, સાલેહાબાનુ તથા શાયરાબાનુને તપાસેલા અને થયેલ ઈજાઓ જણાવેલ છે તેમજ હિસ્ટ્રીની હકીકતો જણાવેલ છે તેમજ તેઓએ જે સારવાર આપેલી તે અંગેના સર્ટીફીકેટ આંકઃ ૨૨ થી ૨૫ અન્વયેના રજૂ કરેલા છે અને દર્દીઓને થયેલ ઈજા લાકડી, પથ્થરથી કોઈ વ્યક્તિને મારવામાં આવે તો ઈજા શક્ય હોવાનું જણાવેલ છે. બચાવપક્ષની ઉલટ તપાસમાં કબુલેલ છે કે, દર્દી હાફીસોદ્દીન, સાલેહાબાનું તેમજ શાયરાબાનુંએ તેઓની હિસ્ટ્રીમાં લાકડીથી ઈજા થયેલ હોય તેવું જણાવેલ નથી અને એવું પણ કબુલેલ છે કે, આંકઃ૨૪ તથા ૨૫ ના સર્ટીફીકેટમાં તા.૧૮-૧-૨૦૧૭ કે તા.૨૦-૧-૨૦૧૭ ના રોજના કોઈ બનાવમાં ઈજા થયેલી હોય તેવો કોઈ ઉલ્લેખ નથી. એવું પણ કબુલેલ છે કે આંકઃ ૨૪ ના સર્ટીફીકેટમાં બનાવની તા.૧૭-૧-૨૦૧૭ જણાવેલ છે. એવું પણ કબુલેલ છે કે, આંકઃ ૨૧ ના દર્દીને થયેલ ઈજા નં.૧ કોઈ ધારવાળા પથ્થરથી સંભવી શકે નહીં અને એવું કબુલેલ છે કે, દર્દીઓને થયેલ ઈજાઓ પથ્થરમારામાં કોઈ વ્યક્તિને ઈજા કરવામાં આવે તો શક્ય છે. આ તબીબ શાહેદે ઈજા પામનાર રફીકબેગ, મસરુદ્દીન તથા સાલેહાબાનુએ તેઓને ઈજા કરનાર આરોપીઓના નામ આપ્યાનું જણાવેલ છે, પરંતુ હિસ્ટ્રીની હકીકતને નિઃશંકપણે સમર્થન મળતું નથી. ખૂદ ઈજા પામનાર શાહેદોએ તેમના પુરાવામાં તેઓએ બનાવ સંબંધી તબીબ સમક્ષ કોઈ હિસ્ટ્રી આપેલ હોય તેવી હકીકત જણાવેલ નથી કે તેઓને હાલના આરોપીઓ પૈકી કોઈએ ફરિયાદપક્ષના કેસ મુજબના કોઈ હથિયારથી ઈજા કરી હોય તેવી હકીકતને

પણ સમર્થન આપેલ નથી અને તેઓને જે ઈજાઓ થયેલી તે ટોળામાં ધક્કા– મુક્કીમાં પડી જવાથી થયેલી એવું જણાવેલ છે. શાહેદ સાલેહા તથા શાયરાબાનુંએ અગાઉ ડૉ. ઠાકરશીભાઈ વાઘેલા શાહેદ નં.૧ સમક્ષ સારવાર લીધેલી અને આ તબીબ શાહેદે આ બંને દર્દીઓને વધુ સારવારની કોઈ જરૂર ન હતી તેવું કબુલેલ છે તેમ છતાં આ બંને શાહેદોએ આ તબીબ શાહેદ ડૉ. સોહનલાલ સમક્ષ તા.૨૧–૧–૨૦૧૭ ના રોજ પણ સારવાર લીધેલ છે. આમ આ તબીબી પુરાવાની સમગ્ર હકીકતોને ધ્યાને લેતાં પણ આરોપીઓ પૈકી જ કોઈએ આ ઈજા પામનારને ઈજા કરી હોય કે ફરિયાદપક્ષના કેસ મુજબના કોઈ હથિયારથી જ આવી ઈજા થઈ હોય તેવી હકીકતને નિઃશંકપણે સમર્થન મળતું નથી.

(૧૭) ફરિયાદપક્ષે આંકઃ ૨૭ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજૂ થયેલ છે અને આ પંચનામાના પંચ, શાહેદ નં.૩ મહંમદવારીસ ઝહીરોદ્દીન મલેકને આંકઃ ૨૬ થી તથા આ પંચનામાના બીજા પંચ શાહેદ નં.૪ સાજીદબેગ ઉર્ફે ડેની રહીમબેગ મિરઝાને આંકઃ ૨૮ થી તપાસેલા છે તેમજ આંકઃ ૩૦ થી આરોપી નં.૧,૩,૪ તથા અન્ય આરોપી મોહસીનભાઈ મોહંમદભાઈ અજમેરીની શરીરસ્થિતિ તથા હથિયાર કબજે કર્યાનું પંચનામું રજૂ થયેલ છે અને તેના પંચ શાહેદ નં.૫ સાજીદભાઈ નુરમહંમદભાઈ વહોરાને આંકઃ ૨૯ થી તથા આ પંચનામાના બીજા પંચ શાહેદ નં. ૬ મહંમદશોએબ ઉર્ફે નાનજી નુરમહંમદ નહોરાને આંકઃ ૩૧ થી તપાસેલા છે. આ તમામ પંચ શાહેદો જે તે પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી અને લખેલ કાગળોમાં પોલીસે તેમની સહી લીધાનું અને તે કાગળ તેઓએ વાંચલ નહીં હોવાનું અને સહી સિવાય બીજી કોઈ કાર્યવાહી તેમની હાજરીમાં કરેલ નહીં હોવાનું જણાવેલ છે. આ તમામ પંચ શાહેદોને

ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર  કરેલા છે અને ત્યારબાદની ફરિયાદપક્ષ તરફેની ઉલટ તપાસમાં પણ આ પંચ શાહેદો પૈકી કોઈએ જે તે પંચનામાની હકીકતોને સમર્થનકર્તા કોઈ પુરાવો આપેલ નથી અને આ પંચ શાહેદોના પુરાવાથી જે તે પંચનામાની હકીકતો નિઃશંકપણે પુરવાર થતી નથી અને તે રીતે આ પંચ શાહેદોનો પુરાવો પણ ફરિયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

(૧૮) ફરિયાદપક્ષે શાહેદ નં.૧૪ તપાસ કરનાર અધિકારી રાકેશકુમાર પ્રભુદાસભાઈ ઘરસંડીયાને આંકઃ પર થી તપાસેલા છે. તેઓના પુરાવા મુજબ આ બનાવ સંબંધેના ગુનાની તપાસ કરતા હતા તે દરમ્યાન ફરિયાદી મુસ્તકીમબેગે તેમની રૂબરૂ તા.૨૦–૧–૨૦૧૭ ના રોજ ફરિયાદ જાહેર કરતા ફરિયાદીના જણાવ્યા મુજબ તેઓએ ફરિયાદ કૉમ્પ્યુટર ઉપર ટાઈપ કરેલી અને પી.એસ.ઓ.ને ગુનો રજીસ્ટર થવા મોકલી આપેલ અને ગુનો રજીસ્ટર થયા બાદ આ બંને ગુનાઓની આગળની તપાસ તેઓએ સંભાળી લાગતા વળગતા શાહેદોના નિવેદનો નોંધી, જરૂરી પંચનામા કરી, ઈજા પામનારના સારવારના સર્ટીફીકેટસ મેળવેલા અને આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોઈ ચાર્જશીટ કરેલું. આ શાહેદે તેમના પુરાવામાં તેમની ફરજના ભાગરૂપે તપાસની જે કાર્યવાહી કરેલી તે અંગેનો પુરાવો આપેલ છે. આ શાહેદે બચાવપક્ષની ઉલટ તપાસમાં તેમની સરતપાસની હકીકતને વળગી રહેલ છે, પરંતુ તેઓએ કબુલેલ છે કે, બંને ગુનાની તપાસ તેઓએ જાતે કરેલી છે. આ કામે રેકર્ડ રજૂ ફરિયાદી તથા ફરિયાદપક્ષના કેસ મુજબના બનાવમાં ભોગ બનનાર અને ઈજા પામનાર જેવા મહત્વના શાહેદોના પુરાવાથી કે અન્ય કોઈ પુરાવાથી આરોપીઓ વિરૂધ્ધના ગુનાની કોઈ હકીકતને નિઃશંકપણે સમર્થન મળતું નથી ત્યારે માત્ર આ તપાસ કરનારનો પુરાવો પણ આરોપીઓને દોષિત ઠરાવવા

માટે ફરિયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

(૧૯) આમ, આ કામે રજૂ થયેલ રેકર્ડ ઉપરના સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં, આ કામે તપાસવામાં આવેલા ફરિયાદી તથા બનાવના નજરેજોનાર તથા ઈજા પામનાર અને બનાવમાં ભોગ બનનાર જેવા મહત્વના શાહેદો ફરિયાદપક્ષની આ કામના આરોપીઓ વિરૂધ્ધના ગુનાની કોઈ હકીકતને સમર્થન આપતા નથી અને બનાવ વખતે ટોળામાં ધક્કા-મુક્કી થતાં પડી જતાં ઈજા પામનાર ઈસમોને ઈજાઓ થયાનું જણાવે છે, ફરિયાદી સહિતના તમામ મહત્વના શાહેદો ફરી ગયેલા જાહેર થયેલા છે. તબીબી પુરાવાથી ઈજા પામનાર શાહેદોને ઈજાઓ થયાનું જણાય છે, પરંતુ તે ઈજાઓ આ કામના આરોપીઓ પૈકી જ કોઈએ કરી હોય કે તેવી ઈજાઓ ફરિયાદપક્ષના કેસ મુજબના હથિયારોથી જ થઈ હોય તેવી હકીકતને પણ નિઃશંકપણે સમર્થન મળતું નથી. આ કામે તપાસેલા પંચ શાહેદો જે તે પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી અને તમામ પંચ શાહેદો ફરી ગયેલા જાહેર થયેલા છે, આ પંચનામાઓને અન્ય કોઈ પુરાવાથી પણ સમર્થન મળતું નથી. આમ, આ કામે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા ફરિયાદી તથા અન્ય મહત્વના શાહેદોના પુરાવાથી કે રેકર્ડ ઉપર રજૂ અન્ય કોઈ પુરાવાથી આ કામના આરોપીઓએ એકસંપ થઈ તા.૨૦-૧-૧૭ ના રોજ કલાક ૧૫-૦૦ વાગ્યે મોજે બોરસદ, ભોભાફળી નજીક આરોપીઓ પૈકી આરોપી નં.૫,૬,૭ એ ફરિયાદી મુસ્તકીમબેગના ઘર આગળ જઈ ઘર ઉપર ભીના કપડા નીતારીને નીચે પાણી કેમ ઢોળો છો ? એવું ફરિયાદીને કહી ગાળો બોલી હોય કે ગાળો બોલવાની ના પાડતાં ઉપરાણું લઈ અન્ય આરોપીઓ લાકડીઓ તથા પથ્થર લઈ આવેલા હોય અને તમામ આરોપીઓએ પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા સારું ગેરકાનૂની મંડળી રચી

હોય કે મંડળી ગેરકાનૂની છે તેવું જાણવા છતાં તેમાં જોડાઈ ચાલું રહી મારક હથિયારોથી સજ્જ થઈ, ફરિયાદી તથા શાહેદોને ઈજાઓ કરી હોય કે હિંસા અને બળનો ઉપયોગ કરી હુલ્લડ કરેલ હોય કે આરોપી નં.૫–૬– ૭ એ શાહેદ સાયરાબાનું ઉર્ફે બાનુબીબી તથા સાહેલાબાનુ મુરસલીનબેગને ગડદાપાટુનો માર મારેલ હોય કે આરોપી નં.૩– ૪ એ શાહેદ રફીકબેગને લાકડીઓની ઝાપોટો મારેલ હોય કે આરોપી નં.૨ એ ફરિયાદીને બરડાના ભાગે લાકડીની ઝાપોટ મારી હોય કે આરોપી નં.૧ એ મુરસલીનબેગ મીરઝાને બંને હાથોમાં લાકડીની ઝાપોટ મારી હોય કે આરોપી નં.૨ એ ધારદાર પથ્થર શાહેદ રફીકબેગને કપાળના ભાગે મારી શાહેદની શારીરિક સલામતી ભયમાં મુકાય તેવું બેફામપણે કૃત્ય કરેલ હોય કે આરોપી નં.૫,૬,૭ એ શાહેદ શાયરાબાનુ તથા શાલેહાબાનુંને ગડદાપાટુનો માર મારેલ હોય અને શાહેદોને ઈજાઓ કરી સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડી હોય કે ફરિયાદીના ઘર આગળ પાર્ક કરેલ બાઈક સીબીઝેડ નં.જીજે–૨૩–એજી–૭૫૧૦ તથા હોન્ડા ઈટર્નો નં.જીજે–૨૩–એલ–૮૦૮૩ ને નીચે પાડી દઈ નુકસાન કરેલ હોય કે ફરિયાદી તથા શાહેદોને ગાળો બોલી અપમાનિત કરેલ હોય કે જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ હોય તેવું નિઃશંકપણે પુરવાર થતું નથી અને આમ, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે અને સચોટપણે પુરવાર કરવાનો હોય છે, પરંતુ આ કામે ફરિયાદપક્ષે રજૂ થયેલા તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને સમગ્ર રીતે લક્ષમાં લેતાં, ફરિયાદપક્ષે આ કામના આરોપીઓ વિરૂધ્ધના તહોમતનામામાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો નિઃશંકપણે પુરવાર કરેલ નથી અને તેથી ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૪૨૭, ૫૦૪, ૫૦૬ (૨)

મુજબનો કોઈ પણ ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૪ અંગે નિચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**॥ હુ ક મ ॥**

(૧) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૨૩૫ (૧) મુજબ આ કામના આરોપી નં. (૧) મોહંમદભાઈ આદમભાઈ અજમેરી, (૩) સીકંદરભાઈ રસુલભાઈ અજમેરી, (૪) ઈમરાન મહંમદહુસેન અજમેરી, (૫) મહેરાજબીબી તે મહંમદભાઈ આદમભાઈ અજમેરીના પત્ની, (૬) રેશ્માબેન ઉર્ફે ખુશ્બુ તે સિકંદરભાઈ રસુલભાઈ અજમેરીના પત્ની તથા (૭) રોશનબેન તે યુસુફભાઈ હાસમભાઈ અજમેરીના પત્નીને ઈ.પી.કો. કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૪૨૭, ૫૦૪, ૫૦૬ (૨) મુજબનો સજાનેપાત્ર ગુનો કર્યાના તહોમત સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી નં.૨ મોહસીનભાઈ મોહંમદભાઈ અજમેરી પુરતો કેસ અલગ પાડી તેઓ વિરૂધ્ધનું ચાર્જશીટ અલગ કરવાનો હુકમ કરવામાં આવેલ હોય આરોપી નં.૨ મળી આવેથી તેમની વિરૂધ્ધ કેસ ચલાવવો.

(૩) આરોપીઓના જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ક્રિમિનલ પ્રોસીજર કોડની નવી સુધારેલી કલમ– ૪૩૭ (એ) ની જોગવાઈઓ અને શરતો મુજબ દરેક આરોપીએ રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર) નો જાતમુચરકો તથા તેટલી જ રકમના જામીન આજની તારીખથી છ મહીનાના સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામે આરોપી નં.૨ મોહસીનભાઈ મોહંમદભાઈ અજમેરી વિરૂધ્ધના ગુનાની ઈન્સાફી કાર્યવાહી બાકી હોઈ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે હાલના તબક્કે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજરોજ તારીખઃ ૩૦ માહેઃ એપ્રિલ સનેઃ ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

આણંદ.

તારીખઃ ૩૦–૦૪–૨૦૧૯.

( **આર.એમ. સરીન** )

સત્ર ન્યાયાધીશ

**આણંદ.**

**(કોડ નં.જી.જે.૦૦૦૯૯)**